# ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

Happy Republic Day

RNI NO. GUJGUJ/2015/64872

MONTHLY NEWS PAPER

AHMEDABAD, MONDAY, JANUARY 20, 2020 | VOL.NO-5, ISSUE NO-4 | www.theopenpage.co.in | facebook.com/theopenpage | TOTAL PAGE-8 | INVITATION PRICE: ₹20/-


## આ અંકમાં શું વાંચશો?




**તું એકવાર હાથમાં આવ. પછી ખબર પડશે કે આ નાનકડી છોકરી સિંહણ છે કે સસલી !**

જોએના એનું નામ. ઉંમર માત્ર દસ વર્ષ પણ જુસ્સો દસ પહાડો જેટલો. એની ઉંમર કરતાં હાઈટ પણ વધારે અને શરીર પણ મજબુત. છત્તીસગઢમાં એના માતા-પિતા સાથે રહેતી. **પેજ ૩**



**ચાલો બદલીએ શીખવાની પદ્ધતિ**

શિક્ષણ! કેટલો જાણીતો શબ્દ છે? અને પાછો કેટલો મહત્વનો પણ! રોજીંદો પણ એટલો જ. શિક્ષણ વગરનું જીવન એટલે સુકાની વગરની નાવ! અથવા બેલગામ ઘોડો! કે પછી દિશાવિહીન મુસાફર જ જોઇ લો. **પેજ ૬**



**ટીનેજર એન્ડ પેરન્ટીંગ**

બાળક ચાઇલ્ડહુડ એટલે કે બાલ્યવસ્થા પાર કરી ૧૩-૧૯ વર્ષ સુધીનાં ગાળામાં પહોંચે એટલે તેને ટીન કહેવાય છે. આ સમયગાળા દરમિયાન બાળકોમાં હાર્મોન્સનું ફ્લડ આવતું જોવા મળે છે. **પેજ ૭**

**જ્ઞાન સનાતન છે એટલે વેદ સનાતન છે...**



હિદુ ધર્મના મુખ્ય ગ્રંથો શ્રુતિ અને સ્મૃતિ છે. શ્રુત એટલે સાંભળેલુ. પ્રાચીન ઋષિ મુનિઓએ પરમાત્મા પાસેથી અંતરાત્મામાં સાક્ષાત સાંભળેલું અગર અનુભવેલુ જ્ઞાન. **પેજ ૮**


**ભારતનું બંધારણ ૨૬ નવેમ્બર, ૧૯૪૯માં તૈયાર થઈ ગયું હતું, છતા પણ શા માટે ૨૬ જાન્યુઆરી – ૧૯૫૦ સુધી બંધારણને લાગુ કરવા માટે રાહ જોવામાં આવી**

# શા માટે ૨૬ જાન્યુઆરીને જ પ્રજાસત્તાક દિવસ તરીકે ઉજવવામાં આવે છે?



**કુલગુરૂ**

કોઈપણ દેશને યોગ્ય રીતે ચલાવવા માટે નીતિ નિયમો અને કાનુન હોવા જોઈએ. આ નીતિ નિયમોને કારણે નાગરીકો પર અમુક બાબતો કરવાની સ્વતંત્રતા અને અમુક બાબતો કરવા પર પાબંદી મુકી શકાય. ભારત પણ જ્યારે આઝાદી તરફ વધી રહ્યો હતો ત્યારે દેશના બુધ્ધિજીવીઓએ દેશ માટે એક બંધારણ હોવાની વાત કરી હતી. પરંતુ બંધારણ એવું હોવું જોઈએ કે જેને દેશના દરેક લોકો સ્વીકારે. કારણ કે બંધારણની અસર કોઈ રાજ્ય કે દેશના કોઈ એક ભાગ પર નહીં પરંતુ સમગ્ર દેશ પર થવાની હતી. તેથી બંધારણની ભાષા પણ તમામ લોકો સમજી શકે તે પ્રકારની હોવી જોઈએ તેના પર ભાર મુકાયો હતો. ગાંધીજીએ ૧૯૨૨માં કહ્યું હતું કે ભારતનું બંધારણ ભારતના લોકોની ઈચ્છા અનુસાર હોવું જોઈએ.

ભારત આઝાદ થયો તે પહેલા જ બંધારણ બનાવવાનો ખ્યાલ રજુ કરાયો હતો. જેમાં સૌથી પહેલા ભારતમાં બંધારણ હોવું જોઈએ તેનો ખ્યાલ ગોપાલકૃષ્ણ ગોખલેએ ૧૮૯૫માં સ્વરાજ વિધેયકમાં રજુ કર્યો હતો. પરંતુ બંધારણસભાનો પહેલો વહેલો ખ્યાલ એમ.એન રોયને ૧૯૩૪માં આવ્યો હતો. ૧૯૩૪માં મોતીલાલ નહેરુએ રજુ કરેલા નેહરુ રિપોર્ટને બંધારણની બ્લુ પ્રિન્ટ પણ કહેવામાં આવે છે. જ્યાંથી ભારતના સ્વર્ણીમ ભવિષ્ય માટેનો પાયો નંખાયો. જ્યારે પણ ભારતના બંધારણ તમે વાંચશો તો તમને ખ્યાલ આવશે કે ભારતના બંધારણમાં તે સમયથી લઈને આવનારા ૫૦૦ વર્ષ દરમિયાન દેશમાં શું મુશ્કેલી આવી શકે છે તેને લઈને તમામ જોગવાઈઓ કરાઈ હતી. આ જોગવાઈઓ દેશ હિત માટે કરાઈ હતી. બંધારણમાં પણ સૌથી પહેલા દેશને રાખવામાં આવ્યો છે. માટે જ બંધારણના પહેલા ભાગમાં રાષ્ટ્ર શબ્દ વાપરવામાં આવ્યો છે.

૧૩, ડિસેમ્બર ૧૯૪૬ના રોજ જવાહરલાલ નહેરુએ ઉદ્દેશ્ય પ્રસ્તાવ રજુ કર્યો હતો જેને બંધારણ સભાએ સ્વીકાર કરીને આગળ જતા આ જ ઉદ્દેશ્ય પ્રસ્તાવને ભારતના બંધારણની પ્રસ્તાવના (પ્રિયંબલ) તરીકે સ્વીકારવામાં આવી હતી. મિત્રો, બંધારણ તૈયાર કરવા માટે બંધારણ સભા બનાવવામાં આવી હતી. જેમાં તે સમયના દેશી રાજા રજવાડા, અંગ્રેજોની નીચે રહેલા વિસ્તારો અને યુનિયન ટેરેટરીનો સમાવેશ થતો હતો.



THE CONSTITUTION OF INDIA

WE, THE PEOPLE OF INDIA, having solemnly resolved to constitute India into a SOVEREIGN DEMOCRATIC REPUBLIC and to secure to all its citizens:

JUSTICE, social, economic and political;

LIBERTY of thought, expression, belief, faith and worship;

EQUALITY of status and of opportunity;

and to promote among them all

FRATERNITY assuring the dignity of the individual and the unity of the Nation;

IN OUR CONSTITUENT ASSEMBLY this twenty-sixth day of November, 1949, do HEREBY ADOPT, ENACT AND GIVE TO OURSELVES THIS CONSTITUTION.

**ભારતનું બંધારણ ૨ વર્ષ, ૧૧ મહિના અને ૧૮ દિવસમાં તૈયાર થયું હતું, જેમાં ૬૪ લાખનો ખર્ચ થયો હતો. તે સમયે બંધારણમાં ૧૨ ભાગ, ૩૯૫ અનુચ્છેદ અને ૮ અનુસુચી હતી.**

હવે વાત કરીએ કે શા માટે ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ સુધી બંધારણને લાગુ કરવા માટે રાહ જોવામાં આવી હતી. તો તેની માટે ઈતિહાસમાં જવાની જરૂર ઉભી થશે. વર્ષ ૧૯૨૯ના ડિસેમ્બર મહિનામાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું અધિવેશ લાહોરમાં મળ્યું હતું. જેના અધ્યક્ષ પંડિત જવાવહલાલ નહેરુ હતા. આ અધિવેશનમાં પ્રસ્તાવ પાસ થયો કે જો અંગ્રેજ હુકુમત ૨૬ જાન્યુઆરી ૧૯૩૦ સુધી ડોમિનીયન સ્ટેટની માંગને સ્વીકારશે નહીં તો ભારત પોતાના સંપુર્ણ સ્વતંત્ર રાષ્ટ્ર જાહેર કરશે. તેમ છતા પણ ૨૬ જાન્યુઆરી ૧૯૩૦ સુધી અંગ્રેજોએ કંઈ જ ન કર્યું. ત્યારે કોંગ્રેસે પોતાની વાત પ્રમાણે પોતાનું સક્રિય આંદોલન શરૂ કર્યું. આ દિવસે જવાહર લાલ નહેરુએ લાહોરમાં રવી નદીને કિનારે તિરંગો ફરકાવ્યો હતો. ત્યારબાદ ભારતે ૨૬ જાન્યુઆરી – ૧૯૩૦ના દિવસને સ્વતંત્રતા દિવસ તરીકે મનાવ્યો હતો. ત્યારબાદ દેશ આઝાદ થયો અને ભારતના લોકોએ ૧૫ ઓગષ્ટના દિવસને સ્વતંત્રતા દિવસ તરીકે ઉજવવાનો નક્કી કરાયો. આપણું સંવિધાન ૧૬ નવેમ્બર ૧૯૪૯ સુધી તૈયાર થઈ ગયું હતું, પરંતુ નેતાઓએ તેને બે મહિના રોકવા જણાવ્યું. ત્યારબાદ ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે સંવિધાનને સમગ્ર ભારતમાં લાગુ કરાયું.

### બંધારણમાં આમુખ - પ્રસ્તાવના (પ્રિયંબલ) શા માટે જરુરી છે

આમુખ એ બંધારણની પ્રસ્તાવના છે. જે રીતે દરેક પુસ્તકની શરુઆતમાં દર્શાવાતી પ્રસ્તાવના તે પુસ્તકના વિષયવસ્તુના સંદર્ભમાં પુર્વ ભુમિકા બાંધી આપવાનું કામ કરે છે તે રીતે આમુખ પણ બંધારણના વિવિધ ભાદો, અનુચ્છેદોની જોગવાઇઓના સંદર્ભે પુર્વ ભુમિકા રજુકરે છે. આમુખ થકી ભારતના બંધારણના આદર્શો, સિદ્ધાંતો અને લક્ષ્યો સ્પષ્ટ થાય છે. તેમાં બંધારણના ઘડવૈયાઓના સ્વપ્ન, વિતારો અને ઉદ્દશ્યો અભિવ્યક્ત થાય છે. ભારતના બંધારણમાં પ્રસ્તાવનાનો ખ્યાલ અમેરિકાના બંધારણ પરથી જ્યારે કે તેની ભાષા ઓસ્ટ્રેલિયન બંધારણથી પ્રભાવિત છે.

## શ્રી જે.બી પટેલ પ્રાથમિક શાળામાં કાઇટ ફેસ્ટીવલ અંતર્ગત કાઇટ મેકિંગ સ્પર્ધા યોજાઇ



શ્રી જે.બી. પટેલ પ્રાથમિક શાળામાં કાઇટ ફેસ્ટીવલ અંતર્ગત કાઇટ મેકિંગ સ્પર્ધા યોજાઇ. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઇ પટેલ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ અને કલા શિક્ષકના સંયુક્ત પ્રયાસથી કાઇટ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્તરાયણ પર્વની ઉજાણીના ભાગરૂપે શાળાના ધોરણ ૭ અને ૮ના ૫૬ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લઇ રંગીન કાગળ, વાસની સળીઓ વગેરેનાં ઉપયોગથી આકાશ ચગાવી શકાય તેવા પતંગની સુંદર કલાત્મક કલાકૃતિઓ તૈયાર કરી હતી.

## ડી.પી. શાળા દ્વારા મકરસંક્રાતિની ભવ્ય ઉજવણી





ડી.પી. શાળા દ્વારા મકરસંક્રાતિની ભવ્ય ઉજવણી કરાવવામાં આવી. વિધાર્થીઓ દ્વારા કાગળમાંથી પતંગ બનાવવાની પ્રવૃતિ કરાવવામાં આવી હતી. વિધાર્થીઓ રંગબેરંગી પતંગ તથા ફિરકી સાથે શાળાના પટાંગણમાં હાજર રહયા હતા. તે સાથે ચશ્મા અને કેપ ડે ની પણ ઉજવણી કરવામાં આવી હતી. વિવિધ નાના – મોટાકદના પતંગોથી વર્ગખંડ શણગારવામાં આવ્યો અને મકરસંક્રાતિનું મહત્ત્વ પણ સમજાવવામાંઆવ્યું.

## તપોવન સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો



તપોવન સ્કૂલ, પાટણના વિદ્યાર્થીઓએ કચ્છ-ભૂજના શૈક્ષણિક પ્રવાસનો આનંદ માણ્યો હતો.

## આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલ દ્વારા ધો.૮ના વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ



આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલ દ્વારા ધો.૮ના વિદ્યાર્થીઓને ગીર-સોમનાથના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ગીર- સોમનાથ અને દીવ વગેરે સ્થળોની પ્રત્યક્ષ મુલાકાત લઇ તેમના વિશે વિસ્તૃત માહિતી મેળવી હતી.

## માધવશિક્ષણ સંકુલ દ્વારા ઉત્તરાયણ પર્વની ઉજવણી કરવામાં આવી



## સંસ્કારધામ સંકુલમાં રમતોત્સવ યોજાયો





સંસ્કારધામ સંકુલમ ધોરણ-૧ થી ૧૦ વિદ્યાર્થીઓ દ્વારા રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાનાં વિદ્યાર્થીઓએ અલગ અલગ રમતોમાં ભાગ લીધો હતો.

## બાલક્રિષ્ના વિદ્યાપીઠ રાજુલા દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરાયું



બાલક્રિષ્ના વિદ્યાપીઠ રાજુલા દ્વારા શૈક્ષણીક પ્રવાસનું આયોજન કરાયું.

## ડિવાઇન લાઇફ ઇન્ટરનેશનલ સ્કૂલ નરોડા ખાતે ' ફૂડ ડે ' ની ઉજવણી કરાઇ



ડિવાઈન લાઈફ ઈન્ટરનેશનલ સ્કૂલ નરોડા ખાતે ' ફૂડ ડે ' ની ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામાં આવી. જેમાં ધો: ૧થી ૮ ના વિદ્યાર્થીઓ ચોકલેટ રોલ્સ, કાઠિયાવાડી ડીશ , ગુજરાતી હાંડવો , આરોગ્યપ્રદ સલાડ જેવી વિવિધ વાનગીઓ તૈયાર કરીને લાવ્યા હતા. શાળા દ્વારા વિજેતા સ્પર્ધકોને પ્રમાણપત્ર અને યોગ્ય પરિતોષિક અર્પણ કરી તેમનામાં રહેલી નિપુણતાને બિરદાવવામાં આવ્યા હતા.

**તમારી શાળામાં થતાં વિવિધ કાર્યક્રમોની માહિતી 'ધી ઓપન પેજ'માં પ્રસિદ્ધ કરવા માટે info@theopenpage.co.in પર મોકલવી.**

**વૈધાનિક સૂચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.
ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.**

# તું એકવાર હાથમાં આવ. પછી ખબર પડશે કે આ નાનકડી છોકરી સિંહણ છે કે સસલી !



**રાજ ભાસ્કર**
સહ સંપાદક સાધના સાપ્તાહિક
કોલમિષ્ટ , દિવ્ય ભાસ્કર

જોએના એનું નામ. ઉંમર માત્ર દસ વર્ષ પણ જુસ્સો દસ પહાડો જેટલો. એની ઉંમર કરતાં હાઈટ પણ વધારે અને શરીર પણ મજબુત. છત્તીસગઢમાં એના માતા-પિતા સાથે રહેતી. એ હતી તો છોકરી, પણ હરકતો બધી જ છોકરા જેવી. ક્રિકેટ રમવું, એક્સરસાઈઝ કરવી, બોય કટ વાળ રાખવા, મોટા ભાગે પેન્ટ શર્ટ પહેરવા અને કદી કોઈથી શરમાવુ નહીં કે કોઈથી ડરવું નહીં એ એની ખાસિયત.

જોએનાની મમ્મીને એની ખૂબ જ ચિંતા થતી. એ અવાર - નવાર એને કહેતી હતી, 'બેટા, તું છોકરી છે પણ છોકરી જેમ રહેતી નથી. તારી આ હરકતોના લીધે અમારે ક્યારેક શરમમાં મૂકાવું પડશે.'

જોએના મમ્મીને મક્કમ જવાબ આપતી, 'મમ્મી ભલે હું છોકરીઓ જેવી હરકત ના કરતી હોઉં. પણ જે કરું છું એ પણ કંઈ ખોટુ નથી. એવું જરૂરી નથી કે છોકરીનો અવતાર મળ્યો એટલે શરમાઈને જીવવાનું અને ડરીને રહેવાનું. એવું ના હોય કે છોકરીનો અવતાર મળ્યો એટલે અમુક કામ નહીં કરવાના. આપણે તો મન મોજી છીએ. આપણને ગમે એ જ કરીશું. શું સમજી?'

મમ્મી કહેતી, 'પણ બેટા લોકો વાતો કરે છે કે જુઓ તમારી દીકરીએ તો આમ કર્યુ અને તેમ કર્યુ. ફલાણા સાથે મારામારી કરી અને ઢીંકણા સાથે બાથમબાથ આવી ગઈ. ક્યારેક કોઈ ફરિયાદ કરે છે કે તું ક્રિકેટમાં છોકરાઓની ટીમ સાથે એકલી રમવા માટે જોડાઈ ગઈ તો કોઈ ક્યારેક કહે છે કે એણે છોકરાઓની એક્સરસાઈઝ પણ કરવાની શરૂ કરી દીધી છે. આ યોગ્ય નથી બેટા!'

'મમ્મી, હું જે ફલાણા સાથે મારામારી કરું છું અને ઢીંકણા સાથે બાથમબથ આવી જાઉં છું એ કેવા છે એની તપાસ કરી છે તે કદી? ગુંડાઓ હોય છે એક નંબરના. મારી બધી બહેનપણીઓને ખીજવતા હતા એટલે એમને થોડા સીધા કર્યા. એમને એમ હતું કે છોકરીઓ છે, શું કરી લેશે. પણ એમનેય ખબર પડી ગઈ છે છોકરી છું પણ મજબુત છું.'

પપ્પા બાજુમાં જ બેઠા હતા. એ બોલ્યા, 'તું મારી દીકરીને આમ ટોક ટોક ના કર. એ કંઈ ખોટુ નથી કરતી. મારી દીકરી સ્ત્રી શક્તિનો એક પરચો છે. દરેક સ્ત્રીએ આવા મજબુત જ થવું પડે. નાની છોકરી હોય તો શું થઈ ગયુ! જમાના સાથે એની ભાષામાં વાત કરવી પડે. હંમેશાં ડરી ડરીને કે શરમાઈને રહેવા માટે જ સ્ત્રી નથી જન્મી ખબર પડી?'

પપ્પા જોએના તરફી બોલતા. જોએના ખૂશ થઈ જતી. મમ્મી માથુ કૂટતી અંદર ચાલી જતી, 'તમે જોજો એક દિવસ આ છોકરી તમને શરમમાં મૂકશે!'

પપ્પા કહેતા, 'તું જોજે આ છોકરી મને એક દિવસ ખૂબ મોટુ ગૌરવ અપાવશે.'

વર્ષ - ૨૦૧૫ના નવેમ્બર મહીનાની ૨૭મી તારીખ હતી. શિયાળાની ઠંડી જામી પડી હતી. આખુયે વાતાવરણ ફ્રિજર જેમ થીજી ગયું હતું. શહેરીજનો ટૂંટીયુ વાળીને ઘરમાં લપાઈ ગયા હતા. રાત એકદમ ઘટ્ટ થઈ ગઈ હતી. જાણે બરફનું ચોસલું થીજી ગયુ હોય એમ થીજી ગઈ હતી.

જોએના એના માતા-પિતા સાથે કોઈ કામ સબબ દિલ્હી ગઈ હતી. રાતના દસ વાગે ત્રણે જણ એક હોટેલમાંથી બહાર નીકળી રહ્યાં હતા. મમ્મી પાછળ રહી ગઈ હતી. જોએના અને એના પિતા હોટેલની સામે, રોડની પેલે પાર આવેલા પાર્કિંગ તરફ જઈ રહ્યાં હતા. બાપ - દીકરી મસ્ત મજાની વાતો કરતાં કરતાં રોડ ઓળંગી રહ્યાં હતા. જોએનાના પિતાના હાથમાં મોંઘો ફોન હતો. જમણા હાથમાં ફોન અને ડાબા હાથે એમણે દીકરીનો હાથ પકડી રાખ્યો હતો.

ત્યાંજ અચાનક જમણી તરફથી એક ચોર ઝડપથી એમની તરફ ધસી આવ્યો. જોએનાના પિતા કંઈ વિચારે એ પહેલાં જ એ ચોરે એમના હાથમાંથી મોબાઈલ ઝૂંટવી લીધો. પિતાએ તેનો કોલર પકડ્યો. એણે જોરદાર મુક્કો મારીને એમને પાડી દીધા. મુક્કો જોરદાર હતો. જોએનાના પિતાને તમ્મર ચડી ગયા. એક ચીસ પાડીને એ નીચે પછડાયા. ચોર મોબાઈલ લઈને ઝડપથી રોડ પર ભાગ્યો.



છત્તીસગઢની આ શક્તિની બહાદૂરીની વાત છેક ભારત સરકાર સુધી પહોંચી ગઈ. ૨૬મી જાન્યુઆરી ૨૦૧૬ના પ્રજાસત્તાક દિને ભારત સરકારે જોએનાની બહાદૂરીને 'રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર' આપીને સન્માનિત કરી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એને એવોર્ડ અને ચેક આપી બિરાદાવી. એ વખતે સૌથી વધારે ખૂશ એના મમ્મી હતા. દીકરી એવોર્ડ લઈને નીચે આવી. મમ્મી - પપ્પાને પગે લાગી. મમ્મીએ આશિર્વાદ આપતા કહ્યુ, 'બેટા, તને અભિનંદન આપુ છું અને તારી માફી પણ માંગુ છું. હું ખોટી હતી. તું સાચી હતી. દીકરી અબળા નથી એ તો શક્તિ છે. એણે કશાથી શરમાવાની કે ડરવાની જરૂર નથી.'

દસ વર્ષની જોએનાના ગુસ્સાનો કોઈ પાર ના રહ્યો. એ તરત જ ચોર પાછળ દોડી. ચોર અઠંગ ખેલાડી હતો. આવી તો કંઈક ચોરીઓ કરીને એ ભાગ્યો હતો. પણ આજે એનો પાલો કોની સાથે પડ્યો હતો એનો એને અંદાજ પણ નહોતો. એને એમ હતું કે નાનકડી છોકરી છે. એ મારુ શું બગાડી લેશ? એ તો બિચારી રોશે... કકળશે... અને બચાવો બચાવોની બૂમો પાડશે. પણ અહીં એવું કશું જ ના બન્યુ. જોએનાએ ડર્યા વિના એની પાછળ દોડવા માંડ્યુ હતું.

આગળ દોડી જતાં ચોરે પાછળ નજર કરી. છોકરી પાછળ દોડી રહી હતી. એ મનોમન હસ્યો. આ છોકરી ગાંડી લાગે છે. મને પકડી લેશે તોયે શું કરી લેવાની છે? જાનથી જશે બિચારી.

દોડતા દોડતા એ બોલ્યો, 'એ નાનકડી સસલી, છોકરી થઈને આવો જુસ્સો મરાવી નાંખશે. પાછી વળી જા. જો તું મારા સુધી પહોંચી ગઈ તો ઉપર પહોંચી જઈશ. જાનથી મારી નાંખીશ સમજી!'

સિંહણ ત્રાણ નાંખતી હોય એ જોએનાએ ત્રાડ નાંખીને કહ્યુ, 'તું એકવાર હાથમાં તો આવ. પછી ખબર પડશે કે આ નાનકડી છોકરી સિંહણ છે કે સસલી? પછી ખબર પડશે કે કોણ ઉપર જાય છે અને કોણ નીચે રહે છે! ઉભો રહે હું આવું છું!'

ચોર ખડખડાટ હસ્યો અને દોડવા લાગ્યો , 'લે તો તાકાત હોય તો પકડી પાડ મને. હા..હા...હા..!'

જોએનાના શરીરમાં સ્વાભિમાનનો સંચાર થયો. જાણે કોઈ જેટ પ્લેન આકાશમાં દોડવા માટે વછૂટતું હોય એમ એ વછૂટી. સ્પીડ વધારી. હવાના ઝોંકા જેમ દોડતી દોડતી એ પેલા ચોર સુધી પહોંચી ગઈ. એણે ચોરનો શર્ટ પકડ્યો. ચોરે ધક્કો મારીને એને પાડી દીધી. એ ઉભી થઈ. ફરીવાર દોડી અને ચોરને આંટી મારીને પાડી દીધો. એની શક્તિ જોઈ ચોર હક્કો-બક્કો રહી ગયો. આ દસ વર્ષની છોકરીએ જરાય ગભરાયા વિના ચોર સાથે બાથ ભીડી. એની સાથે લડવા લાગી. અઠંગ ચોરને એની શક્તિનો પરચો મળ્યો. જોએના એને પાડીને એની છાતી પર બેસી ગઈ. એના મોં પર બે પ્રહાર એવા કર્યા કે પેલાને નાની યાદ આવી ગઈ. ખરેખર કોઈ સિંહણે હુમલો કર્યો હોય એવું લાગ્યુ.

એટલી વારમાં જોએના ના પિતા પણ દોડતા દોડતા ત્યાં આવી ગયા અને બીજા કેટલાંક રાહદારીઓ પણ ત્યાં આવી પહોંચ્યા. એક છોકરીને આવા પડછંદ વ્યક્તિને મારતા જોઈ પબ્લિક ભેગી ગઈ ગઈ.

એક જણે પૂછ્યુ , 'બેટા, શું થયું?'

જોએના બોલી, 'આ ચોર મારા પપ્પાને મારી, એમનો ફોન લઈને ભાગ્યો હતો.' પબ્લિકે એને ધોઈ નાંખ્યો. જોએનાના પિતાએ દીકરીને હેમખેમ જોઈ આનંદ થયો. ચોરને બરાબરનો મેથી પાક આપ્યા પછી જોએનાના પિતાએ પોલીસને જાણ કરી. પોલીસે આખી વિગત જાણી ત્યારે એમને પણ આશ્ચર્ય થયું. માત્ર પોલીસને જ નહીં પણ ત્યાં ઉપસ્થિત સૌ લોકો દંગ રહી ગયા કે આટલી નાની અમથી છોકરીએ આટલા મોટા ચોરને પકડ્યો અને પડકાર્યો છે. પોલીસે એને શાબ્બાશી આપી.

પબ્લિકમાંથી એક જણ બોલ્યો, 'વાહ છોકરી થઈને આવા મોટા ચોરનો મુકાબલો કર્યો, એનો પીછો કર્યો એને માર્યો અને પડકાર્યો કહેવું પડે. છોકરી તને ખૂબ ખૂબ અભિનંદન!'

જોએના બોલી, 'છોકરી છું તો શું થઈ ગયું? હું છોકરી છું, હું શક્તિ છું. મને કોઈ અબળા ના સમજશો.' ઉપસ્થિત લોકોએ જોએનાની હિંમત અને જુસ્સાને બહાદૂરીથી વધાવી લીધા.

ઈન્સપેક્ટર સાહેબે પણ કહ્યુ, 'બેટા, તારી વાત સાચી છે. છોકરી એટલે તો શક્તિ. એને અબળા ના સમજાય. કાશ બધી જ છોકરીઓ તારા જેટલી હિંમતવાળી અને નીડર હોય. અભિનંદન બેટા!'

જોએનાની આ હિંમતની વાત બીજા દિવસના અખબારોમાં છપાઈ હતી. એ લોકો પોતાના વતન છત્તીસગઢ ગયા ત્યાં પણ એની બહાદૂરીની વાત ફેલાઈ ચૂકી હતી. જોએનાનું ભવ્ય સ્વાગત થયું. જે લોકો જોએનાની ફરિયાદ કરવા આવતા હતા એ જ લોકો હવે વખાણ કરવા આવવા લાગ્યા. આખા છત્તીસગઢમાં જોએના શક્તિ તરીકે પ્રખ્યાત થઈ ગઈ. એને અનેક ઈનામો અને અકરામો પણ મળ્યા.

પછી મમ્મીએ પતિને કહ્યુ, 'તમે સાચુ જ કહેતા હતા. આ દીકરીએ ખરેખર મારુ મસ્તક ગૌરવથી ઉંચુ કરી દીધું.'

જોએના બોલી, 'ઠીક છે! તો કાલથી મને બોક્સીંગ ગ્લજ્ઝ લાવી આપજે!'

બધા જ હસી પડ્યા.

## આપેલા ચિત્રમાં રંગ પૂરો



## આપેલા ચિત્રમાં ૬ તફાવત છે તે શોધો



## યોગ્ય ગણતરી કરો




## આપેલા નંબરો જોડી ક્યું ચિત્ર બને છે તે જુઓ.



## નીચે દશવિલા પ્રાણીઓને તેના ઘર સાથે લાઇન કરી જોડો



## ડીવાઇન લાઈફ સ્કૂલ વાસણા માં ક્રિસ્મસ ઉજવવામાં આવી



ડીવાઈન લાઈફ સ્કૂલ વાસણા માં ક્રિસ્મસ ઉજવવામાં આવી જેમાં બાળકો એ ઉત્સાહભેર ડાન્સ કર્યો.

## ધી એચ. બી. કાપડિયા -મેમનગર શાળામાં વાર્ષિક મહોત્સવ યોજાયો





શાળામાં કરાવાતી સહશૈક્ષણિક પ્રવૃત્તિ પણ અભ્યાસના ભાગ રૂપે વિદ્યાર્થીઓમાં વિકાસની વૃદ્ધિ કરે છે. ધી એચ. બી. કાપડિયા ન્યૂ હાઈસ્કૂલ-મેમનગર શાળાએ પડકાર રૂપ વિષયો જેવા કે સ્ત્રીસશક્તિકરણ, બાળમજૂરી જાગૃતિ, તણાવમુક્તિ, સોશિયલ મિડિયા જાગૃતિ વગેરે સાંપ્રત મુશ્કેલી નિવારણ ઉપાયોને ધ્યાને લઈ 'ગુંજ-માનવતાનો સાદ' થીમ પર વિદ્યાર્થીઓ દ્વારા, વિદ્યાર્થીઓ માટે સફળતાપૂર્વક વાર્ષિક મહોત્સવ ટાગોર હોલ ખાતે ઉજવાયેલ. જેમાં ૫૨૩ બાળકોએ ભાગ લીધેલ. શાળા પરિવાર ખૂબ આનંદની લાગણી વ્યકત કરે છે.

## સરદાર પટેલ અને સ્વામી વિવેકાનંદ હાઇસ્કૂલ દ્વારા વિજ્ઞાન મેળાનું આયોજન




સરદાર પટેલ અને સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ દ્વારા વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈસરો દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## 'ઝાયડસ ફોર એક્સલેન્સ'ગોધાવી મુકામે 'સ્પોર્ટસમીટ' નું આયોજન




'ઝાયડસ ફોર એક્સલેન્સ'ગોધાવી મુકામે 'સ્પોર્ટસમીટ' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૨૭ સ્કૂલના ૨૦૦૦ જેટલા રમતવીરોએ જુદી-જુદી રમતમાં ભાગ લીધેલ. જેમા શિવઆશિષ સ્કૂલના વિદ્યાર્થીઓએ રમતમાં ભાગ લીધો હતો.

## કુમકુમ શાળા મણિનગરમાં કાર્નિવલ યોજાયો



## શેઠ કે.બી. વકીલ હાઇસ્કુલ,રાધનપુર ખાતે રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી



રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી  નિમિતે શેઠ કે.બી. વકીલ હાઈસ્કુલ,રાધનપુર ખાતે નિબંધ સ્પર્ધા, પઝલ સ્પર્ધા તેમજ રંગોળી સ્પર્ધા નુ આયોજન કરવામાં આવ્યું છે. નિબંધ સ્પર્ધા નો વિષય 'ભારત ના મહાન ગણિત શાસ્ત્રી શ્રી નિવાસ રામાનુજનનું જીવન કવન 'રાખવામાં આવ્યો હતો ધોરણ ૯ અને ૧૦ ના ૧૫ વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો.આ સ્પર્ધામા પ્રથમ સ્થાને ગણાત્રા નિયતિ એમ (ધોરણ ૯ ઇ) તેમજ દ્વિતિય સ્થાને ગૌસ્વામી નિરવ એમ.(ધોરણ ૯ ઇ)રહયા હતા. આ કાર્યક્રમ ને સફળ બનાવવા કલ્પેશભાઇ ડી અખાણી, હર્ષદભાઇ આર.પટેલ, પૃથ્વીરાજભાઇ એ.ચૌધરી પ્રયત્નો કર્યા હતા.નિર્ણાયક તરીકે વિષ્ણુભાઇ સોલંકી, નિરુબેન અઢિયોલ,રાજેન્દ્ર ભાઇ પ્રજાપતિ તેમજ મનુભાઈ કે.ડાભી એ સેવા આપી હતી.શાળા ના આચાર્ય શ્રી વિરમભાઇ કે પરમારે ભાગ લેનાર સર્વ વિદ્યાર્થીઓ ને અભિનંદન પાઠવ્યા હતા.રાધનપુર કેળવણી મંડળ ના પ્રમુખ અશોકભાઈ સી. શાહ,ઉપપ્રમુખ જયંતિભાઇ સોનેથા તથા માનદમંત્રી રાજેન્દ્રભાઇ શાહે વિજેતા વિદ્યાર્થી ભાઇ બહેનો ને અભિનંદન પાઠવ્યા હતા.

## ઉમા વિદ્યાલય નિકોલ દ્વારા નાતાલ પર્વની ઉજવણી કરાઇ



## માધવ વિદ્યા સંકુલમા રમતગમત સ્પર્ધાનું આયોજન




માધવ વિદ્યા સંકુલમા રમતગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દોરડાકુદ, સ્લો સાઈકલ, કોથળાકુદ, લીબુ ચમચી, વર્તુળનો રજા, અને સંગીત ખુરશી જેવી ઘણી જુદી જુદી સ્પર્ધાઓ રાખવામાં આવી હતી.



# ચાલો બદલીએ શીખવાની પદ્ધતિ



**શ્રીમતી કંજરી વૈદ્ય**
આચાર્ય
એસ.એસ. ડિવાઇન સ્કૂલ, અમદાવાદ

શિક્ષણ ! કેટલો જાણીતો શબ્દ છે ? અને પાછો કેટલો મહત્વનો પણ ! રોજીંદો પણ એટલો જ. શિક્ષણ વગરનું જીવન એટલે સુકાની વગરની નાવ ! અથવા બે લગામ ઘોડો ! કે પછી દિશાવિહીન મુસાફર જ જોઈ લો. આવી તો કેટલીય ઉપમાઓ કે રૂપકો યોજી શકાય. પરંતુ શું એવુ નથી લાગતું કે શિક્ષણ શબ્દનું મહત્વ વધતું જાય છે, એમ તેની ગુણવત્તા તથા અસરકારકતા ઘટતી જાય છે ?

પ્રાચીન કાળમાં ડોકિયું કરીએ તો પરંપરાગત ભારતીય શિક્ષણની પ્રણાલિ નજર સામે આવે. આશ્રમશાળામાં ગુરૂઓ દ્વારા અપાતા શિક્ષણમાં પણ આજની જેમ તમામ વિષયો આવરી લેવાતાં.કદાચ એમ કહી શકાય કે આજના અભ્યાસક્રમની સરખામણીમાં પરંપરાગત પ્રાચીન કાળની શિક્ષણ પ્રણાલિ વિષયોની વિવિધતા વિપુલ પ્રમાણ માં હતી. શિષ્યોને જીવનમાં ઉપયોગી તમામ વિષયોથી માહિતગાર કરી તેમની યોગ્યતા અને ભવિષ્યની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને પારંગત બનાવતા હતા. વિષયલક્ષી અભ્યાસક્રમની સાથે સાથે સમાજ-જીવનની તમામ આવશ્યક સોળે કળાઓમાં નિપુણ બનાવતા હતા. આજે પણ વિદ્યાર્થીઓને આવા વિવિધ વિષયોમાં પ્રવીણતા આપવામાં આવે છે, તો શા માટે શિક્ષણનો વ્યાપ વધ્યો છે અને ઉંડાણ ઘટ્યુ છે?

જવાબ છે આપણી શિક્ષણ પદ્ધતિ. શિક્ષણ પ્રત્યેનો અભિગમ અને શિક્ષણની ઉપીયોગીતા વિશેની ગેરસમજણ. શિક્ષણને એક સહજ, સરળ અને સહકારી પ્રવૃતિ બનાવવાને બદલે આપણે જટિલ, બોજારૂપ અને એકાકી પ્રવૃતિમાં પરિવર્તિત કરતા ગયા છીએ. વિષયમાં ઉંડાણપૂર્વકની સમજણ પ્રત્યક્ષ ઉપયોગ સાથે જોડવાની આવડત, મેળવેલ જ્ઞાનમાં પોતાની મૌલિકતા જોડવાની તૈયારી, સ્વપ્રયત્ન જ્ઞાન મેળવવા માટેની પ્રતિબદ્ધતા વગેરે અદ્યશ્ય થતાં ગયા છે. શિક્ષણ મેળવવું એ એક નૈસર્ગિક પ્રક્રિયાઓમાંથી ઔપચારિક પ્રવૃતિઓમાં રૂપાંતરિત પામતી ઘટન બનતી જાય છે.

શિક્ષણ એ ઉભય પક્ષે ( શિક્ષક અને વિદ્યાર્થી ) પરસ્પર શીખવા – શીખવવાની ભાગીદારીથી આકાર લેતી ઘટના છે. સાથે સાથે વિદ્યાર્થી એટલે શિક્ષાર્થીની અંદર રહેલી જન્મજાત આવડતોને તેના નૈસર્ગિક કૌશલ્યોને ઉજાગર કરવાની પ્રક્રિયા પણ છે. બધા જ વિદ્યાર્થી બધા જ વિષયમાં સરખા રસરૂચિ અથવા આવડત ન પણ ધરાવતા હોય. કોઈને ગણિતનાં કોયડા ઉકેલવામાં આનંદ આવતો હોય તો કોઈને ઈતિહાસમાં રોમાંચકતા ભાસતી હોય કોઈ વળી વિજ્ઞાનની શોધોમાં નવી શોધની શકયતાઓને વિચારતા હોય. તો વળી કોઈ વિદ્યાર્થીનો હાથ કેન્વાસનાં આકાશમાં કલ્પનાની પીંછી થી અદભૂત ચિત્રસૃષ્ટિનું સર્જન કરવા થનગનતો હોય. કોઈને રમત, તો કોઈને રસોઈ, કોઈને સંગીત,તો કોઈને નૃત્ય.ઓહોહો ! કેટકેટલા વિષય ને કેટકેટલી વિવિધતા ! દરેકની આગવી આવડત, આગવા વિચારો અને આગવી કલ્પના સૃષ્ટિ !

પરંતુ આપણે, દરેકની તેજસ્વિતાનો બુદ્ધિઆંક પરીક્ષાનાં ગુણમાં શોધીએ છીએ અને પરીક્ષાનાં સારા પરિણામને સારી કારર્કિદીની નિસરણીના સ્વરૂપમાં જોઈએ છીએ. સારી કારર્કિદી એટલે વિપુલ આર્થિક ઉપાર્જન અને વિપુલ આર્થિક ઉપાર્જન એટલે ઉત્તમ જીવન, સફળ જીવન અને સમૃદ્ધ જીવન. એવુ નથી કે આર્થિક ઉપાર્જનને સમૃદ્ધ જીવન સાથે કોઈ સંબંધ નથી. આર્થિક ઉપાર્જન એ સમૃદ્ધ અને આનંદદાયી જીવન માટે આવશ્યક છે જ. પરંતુ એ પ્રાપ્ત કરવામાં નૈતિકતા, કર્મનિષ્ઠા, પરોપકારિકતા, કર્તવ્યપરાયણતા, સામાજીક કે રાષ્ટ્રીય જવાબદારી, માનવતા જેવા ઉચ્ચ મૂલ્યનો છેદ ઉડી જાય તો તે આનંદમય જીવન ખોખલાપણું ધરાવવા લાગે. શિક્ષણની પ્રત્યક્ષતા, જ્ઞાન અને અભ્યાસને વ્યવહારૂ જીવન સાથે જોડવાની રીત કયાંય ભૂલાતી જાય છે. માટે આજનો વિદ્યાર્થી અભ્યાસું છે. પરંતુ જીજ્ઞાસુ નથી તેનામાં મૌલિકતા,સર્જનાત્મકતા, નવીનતા વગેરે ભાગ્યે જ નજર આવે છે.

તો પ્રશ્ન એ છે કે આ ખૂટતા તત્વો કેવી રીતે ઉમેરી શકાય ? તો જવાબ છે, શીખવાની પદ્ધતિ બદલીને. જો પ્રાથમિક શિક્ષણથી જ વિદ્યાર્થીને શીખવવામાં આવતી તમામ બાબતોને તેના રોજીંદા જીવન સાથે જોડવામાં આવે અને તેને શીખવવામાં આવતી તમામ બાબતોને તેના દ્વારા વ્યવહારમાં અમલમાં મુકાવામાં આવે તો શીખવા – શીખવવાની પ્રક્રિયા અત્યંત સરળ અને સાહજિક બની જાય.



## સ્કૂમ સ્કૂલમાં વિજ્ઞાન મેળો યોજાયો













**સિધ્ધાંતઃ પવનઊર્જા અને ગતિઊર્જાના સમન્વયથી વિધુતઊર્જા ઉત્પન્ન કરવી.**

એક્સપ્રેસ હાઈવે પર દરેક વાહનો ૮૦ થી ૧૨૦ km/h ની ઝડપથી ગતિ કરે છે. જ્યારે આ વાહનો આટલી ઝડપથી ગતિ કરતા હોય ત્યારે વાહનની ખૂબજ વધારે ઝડપના કારણે તેની સાથે હવા પણ ઝડપથી ગતિ કરે છે. આ ગતિમાન હવા જ્યારે પંખા પર લગાવેલ વિંગ્સ સાથે અથડાય છે ત્યારે પંખો ગતિ કરે છે, અને વિધુતઊર્જાનું ડાયોડ એ ACનું DCમાં રૂપાંતરણ કરે છે આ રૂપાંતરણ થયેલી ઊર્જાનો સંગ્રહ કેપેસીટરમાં થાય છે.

ઉપયોગઃ-

**(૧) પ્રદુષણમુક્ત વિદ્યુતઊર્જા મેળવી શકાય છે**
**(૨) દુર્ગમ વિસ્તારોમાં વિદ્યુતઊર્જા પહોચાડી શકાય**
**(૩) કોઈપણ વાહનની ઊર્જા વ્યય પામતી નથી**
**(૪) સ્માર્ટ હાઈવે પરથી એકત્રિત કરવામાં આવેલા ડેટા એગ્રિગેટ્સ શહેરી આયોજનમાં પણ ખુબ ઉપયોગી છે.**
**(૫) નજીકના વિસ્તારોમાં સ્ટ્રીટ લાઇટ ચાલુ કરી શકાય છે**
**(૬) હાલના સમયમાં આ પ્રોજેક્ટ રશિયા, ચીન, જાપાન, અને અમેરીકામાં કાર્યરત છે.**

નવનિર્માણ કો.ઓ. બેંક સેકન્ડરી સ્કૂલ, રાણપરા દિર્ઘાયુ,
બારોટ ધ્રુવ

## લગ્નગીત સ્પર્ધામાં તપોવન સ્કૂલની વિદ્યાર્થીની રાજ્યકક્ષાએ દ્વિત્તિય નંબર પ્રાપ્ત કર્યો



રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના કમિશ્નરશ્રી, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર આયોજિત જિલ્લા વહીવટી તંત્ર, રાજકોટ સંચાલિત રાજ્યકક્ષા બાળ પ્રતિભા શોધ-૨૦૧૯ અંતર્ગત રાજકોટ ખાતે સાંસ્કૃતિક સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં તપોવન સ્કૂલ, પાટણમાં ધો.૫માં અભ્યાસ કરતી કુ. ઓઝા ધાર્મી પિયૂષકુમાર સમગ્ર ગુજરાત રાજ્યકક્ષાએ લગ્નગીત સ્પર્ધામાં દ્વિત્તિય નંબર પ્રાપ્ત કરી શાળા, પાટણ જિલ્લા અને માતા-પિતાનું ગૌરવ પ્રાપ્ત કરેલ છે. આટલી નાની ઉંમરે રાજ્યકક્ષાએ વિજેતા બનનાર વિદ્યાર્થીનીને ખૂબ ખૂબ અભિનંદન.



ડો. ટ્વીન્કલ પટેલ
એમ.ડી. મધરહુડ હોસ્પિટલ -
ફાઉન્ડર મધરહુડ ફાઉન્ડેશન

# ટીનેજર એન્ડ પેરન્ટીંગ



બાળક ચાઈલ્ડહુડ એટલે કે બાલ્યવસ્થા પાર કરી ૧૩-૧૯ વર્ષ સુધીનાં ગાળામાં પહોંચે એટલે તેને ટીન કહેવાય છે. આ સમયગાળા દરમિયાન બાળકોમાં હાર્મોન્સનું ફલડ આવતું જોવા મળે છે. જેને કારણે દરેક બાળકમાં ઈન્ટરનલ વિચારોમાં, વર્તનમાં ચેન્જીસ જોવા મળતા હોય છે. બાળક સતત સંઘર્ષ કરતું હોય છે. તેનાં અંદરનાં વિચારો તથા બાહ્ય વર્તનને મેચ કરવામાં સ્ટ્રેસ અનુભવતુ હોય છે. ટીનેજર્સમાં હોમોનલ ચેન્જીસનાં કારણે બાળકોમાં યુબર્ટી, સામાજીક, સ્ટડી, વર્ક, પેરન્ટસ વગેરે સાથે તાલ-મેલ કરવામાં પ્રેશર તથા સ્ટ્રેસ અનુભવતુ હોય છે. આ ઉંમરનાં બાળકોમાં સ્ટડી, સ્કૂલ, કોલેજીસ, કરિયર, પીયર પ્રેશર તથા કમ્પેરીજન, સ્ટેટસ, એકસાપેકટેશન  પેરેન્ટસ વગેરેના કારણે બાળક સતત સંઘર્ષ, મૂંઝવણ, સ્ટ્રેસ અનુભવતું હોય છે. સવાલ એ છે કે ટીનેજર્સમાં આ પ્રકારનાં ઈશ્યુ ફેલાવવાનું કારણ શું છે ? આજનાં સમયમાં પેરન્ટસ તથા ટીનેજર્સનાં સંબંધોમાં એટલું સ્ટ્રોંગ બોન્ડિંગ, વિશ્વાસ કે શેરીંગ જોવા મળતું નથી. જેનું કારણ પેરન્ટસ તથા તેમની પોતાની એકસપેકટશેસન હોઈ શકે. આજનાં યુગનાં પેરેન્ટસ પોતાનાં કેરિયરમાં ઈચ્છાનુસાર જોબ, બિઝનેશ, સ્ટડી કે એકસ્ટ્રાકરિક્યુલ એકટીવીટી, શોખ જે પૂરા નથી કરી શકતાં, કારણ આપણને કે આગળની પેઢીનાં બાળકો માતા પિતાની ઈચ્છાનુસાર કરિયર કે વર્કની પસંદગી કરતાં, પરિણામ સ્વરૂપ જીંદગીનાં અમુક વર્ષો પછી જ્યારે પેરેન્ટસ બન્યા પછી પોતાનાં અધુરા સપનાં કે જીંદગી પોતાનાં બાળકોમાં પુરી કરવાથી આગવી ઉત્કૃષ્ટતાનાં કારણે આજનાં યુગનાં પેરન્ટ્સ પોતાનાં બાળકોને સ્ટડી, એકસ્ટ્રા કરિયર એકટીવીટી, સ્પોર્ટસ, કરિયર, શોખ જેવી પ્રવૃત્તિઓ પૂરી કરવા સતત ઉજાગર પ્રેશર કરતાં રહે છે. પેરન્ટસમાં એક આગવી હોડ લાગી છે. પોતાનાં બાળકોને અવ્વલ કરિયર, જીંદગી તથા પરફેકટ માનવ પર્સન બનાવવા અનેક પેતરા અજમાવતાં રહે છે. જેનાં કારણે પેરન્ટસ પોતે પોતાનાં બાળકોની પસંદ – નાપસંદ, તેમની મૂંઝવણ, તેમના પોતાનાં શોખ, વિચારોની સ્વતંત્રતા કે કરિયરની સ્વતંત્રતા છીનવી લેતાં હોય છે. બાળકો સતત સ્ટ્રેસ તથા પ્રેશરમાં રહેતાં હોય છે.

ખાસ કરીને આજનાં ટીનેજર્સને સ્ટ્રેસ, ડીપ્રશન, બુલીંગ, ડ્રગ્સ એડીકશન, ડ્રીકીંગ, સ્મોકીંગ, સ્ટેટસ, પીઅર પ્રેશર, અન્ડરએજ સ્ટેટસ, ચાઈલ્ડ એલ્યુજ, કોમ્પિટિશન, કમ્પેરીજન, ઓબેસીટી એન્ડ ઈટીંગ ડીસઓર્ડર, સાયબર એડીઝમ વગેરે જેવા ચિહ્નો જોવા મળતા હોય છે.

આ બધાજ પ્રોબ્લેમ એકબીજા સાથે સંકળાયેલા છે. જ્યારે બાળક કે ટીનેજર્સમાં ઈમેજ, સ્ટેટસ કે કોમ્પિટિશનનાં ઈશ્યું હોય છે. ત્યારે તેઓ ટેન્શન અનુભવતાં હોય છે. પરિણામે સ્ટ્રેસ, ડીપ્રેશન તથા ઈટીંગ ડીસઓર્ડર સ્ટાર્ટ કરતાં હોય છે. બાળકો કે ટીનેજર્સ આ કંટીન્યુશન પીઅર પ્રેશર કે સ્ટેટસમાં બહાર આવવા સ્મોકીંગ, ડ્રીંકીંગ કે ડ્રગ્સનો સહારો પણ લેતાં જોવા મળે છે. આખો દિવસ ઘરેથી દૂર રહેવું, ઘરમાં કોઈની સાથે વાતચીત ન કરવી, આખો દિવસ મોબાઈલ, કમ્પ્યુટર  કે ટીવીમાં ગેમ રમવી, ઓનલાઈન ચેટીંગ જે એક ટીનેજર્સનાં એડીકશનની નિશાનીઓ છે. જો આ સમયે બાળકોને પેરન્ટ્સનો સપોર્ટ, કેર, પ્રેમ કે હૂંફ ન મળે તો તે પોતાને લોન્લી ફીલ કરે છે. વધુ સમય સ્કૂલ, કોલેજ કે  ફ્રેન્ડ્સ સાથે વિતાવે છે. ટીનેજર્સનું પેરન્ટ્સ સાથેનું કમ્યુનિકેશન તથા શેરીંગ વિશ્વાસ ઘટતાં જાય છે. પરિણામે બાળક નવા-નવા ફ્રેન્ડ્સ સ્કૂલ કે લોકલ એરિયામાંથી બનાવવાનો પ્રયત્ન કરે છે, પરિણામે બાળક ઘણીવાર

**પોતાનાં બાળકોને અવ્વલ કરિયર, જીંદગી તથા પરફેકટ માનવ પર્સન બનાવવા અનેક પેતરા અજમાવતાં રહે છે**

અનસેફ સેક્સ, અન્ડરએજ સેક્સ તથા ટીનેજ પ્રેગનન્સી, રેપ જેવા ઈશ્યુ તથા ક્રાઈમ કરવા પ્રેરાય છે. ઘણાં ટીનેજર્સ ડ્રગ્સ  કે નશા તરફ પ્રેરાય છે.

પ્રોપર પેરન્ટીંગ એક વાઈટલ મુખ્ય ગેટ વે છે. પેરન્ટ્સ બાળકોને પ્રોપર કવોલીટી સમય આપવો જોઈએ, બાળકો તથા પેરન્ટ્સ વચ્ચે પ્રોપર શેરીંગ, કમ્યુનિકેશન, ફીલીંગસ કેરીંગ વગેરે હોવા પણ એટલાં જ જરૂરી છે. પેરેન્ટ્સ બાળકો પ્રત્યે સેન્સેટીવ તથા સોફટ વર્તન કરવું જોઈએ. બાળક ટીનેજર્સમાં હોય ત્યારે પેરન્ટ્સ તેના ઈમોશનન્સ, લાગણીઓ, તેમનું સેલ્ફ રીસપેક્ટ વગેરે જળવાય તે રીતે તેમની સાથે વ્યવહાર કરવાં જોઈએ. ટીનેજર્સમાં બાળકોમાં ગુસ્સો, ઉગ્રતા, કમ્પલેઈન, વિચારોમાં અસ્થિરતા, ઈમેચ્યોરીટી વગેરે જેવા ચિહ્નો ખાસ કરીને સામાન્ય હોય છે. તેવાં સંજોગોમાં માતા પિતાએ બાળક સાથે કેવી રીતે કેવા સંજોગોમાં શું અને કેવી રીતે વર્તવું તેની ખાસ કાળજી લેવી જોઈએ. માતા પિતા જો બાળકોને લાગણી, ઈમોશન્સ તથા રીસપેકટ કે તેમના ગમા-અણગમા વિશે શાંતિથી વિચારશે, બાળકોને પોતાના ડીસીઝન લેવાની સ્વતંત્રતા આપશે, બાળકોનો વિશ્વાસ જીતીને તેમના સાથે તેમના મિત્રો વેલ વિશર્સ બનીને આ અંતર ઘટાવવાનો પ્રયત્ન કરશે તો બાળકો પણ તેમનાં માતા પિતાને સમજશે. તમારા બાળકો સાથે તેમને મૂંઝવતાં પ્રશ્નો વિશે, કરિયર વિશે ખૂલીને વાત કરો. સેક્સ, ડ્રગ્સ, સ્મોકીંગ કે ટેબૂ ગણાતા વિષયો પર બાળકને સમજણ આપો કે ચર્ચા કરો, બાળકોને કોન્ફીડન્સ તથા નિર્ણાયક બનવા માટે સપોર્ટ કરો. માતા પિતાએ પણ ઘણીવાર  વર્કમાં કે અગત્યનાં નિર્ણયોમાં પણ બાળકોની સલાહ તથા સજેશન લેવાં જોઈએ. બાળકો તથા પેરન્ટ્સમાં એક મેચ્યુર, સુમેળભરી, મૈત્રીભરી, રીસપેકટલેસ બોન્ડિંગ હોવી જોઈએ.

વિશ્વાસ એ કોઈપણ રીલેશનશીપનાં પાયાની જરૂરીયાત છે. માતા પિતાએ પણ વાત વાતમાં બાળકો પર ડાઉટ, પ્રશ્નો, ક્રોસ ચેક કરવાં નહિં, પરિણામે તમે જ આ રિલેશનમાં એક દિવાલ ઉભી કરી રહ્યાં છો. પેરન્ટ્સ બાળકોને બોલવાની , ચર્ચા કરવાની  સ્પેસ આપવાં જોઈએ. જાહેરમાં બાળકોની વીકનેસ કે નિર્બળતા છતી ન કરવી જોઈએ. બાળકો સાથે એક સ્પષ્ટ, ક્લીઅર વાતચીતનો દોર શરૂ કરવો જોઈએ. માતા પિતાએ ખાસ કરીને બાળકોનાં મિત્રવર્તુળ, પીઅર પ્રેશર, કોમ્પિટેશન, બુલીંગ કે કોઈપણ પ્રકારનાં મુશ્કેલીભર્યા સમયમાં બાળકો

**આખો દિવસ ઘરેથી દૂર રહેવું, ઘરમાં કોઈની સાથે વાતચીત ન કરવી, આખો દિવસ મોબાઈલ, કમ્પ્યુટર  કે ટીવીમાં ગેમ રમવી, ઓનલાઈન ચેટીંગ જે એક ટીનેજર્સનાં એડીકશનની નિશાનીઓ છે**

સાથે ખૂલીને સપોર્ટ કરવો, સલાહ તથા માર્ગદર્શન પુરૂં પાડવું જોઈએ. એક સફળ, સ્પષ્ટ કમ્યુનિકેશન વિશ્વાસ, રીસપેકટ તથા દરેક રીલેશનશીપમાં મજબૂત બોન્ડીગ ઉંભુ કરવામાં મદદરૂપ બને છે. પેરન્ટ્સ તથા બાળકોમાં પણ કોમ્યુનિકેશન, શેરીંગ, કેરીંગ, પ્રેમ, સપોર્ટ, રીસપેકટ, લીસનીંગ વગેરે બોન્ડિંગ મજબૂત તથા સફળ બનાવવામાં મહત્વનો ભાગ ભજવી  શકે છે.

પેરેન્ટ્સ, ટીચર્સ તથા ગાર્ડીયન દરેક જણાં આજનાં ટીનેજર્સનાં ઈશ્યુ તથા પ્રોબલેમથી વાકેફ છે. માતા પિતા તથા ગાર્ડીયન ટીનેજર્સનાં ગાઈડ બને તથા તેમની મહત્વકાંક્ષાઓ, ડિમાન્ડ બાળકો પર થોપવા પ્રયત્નો ન કરે. બાળકો ૧૩-૧૯ વર્ષની વયમાં બુલર્ટી, હોર્મોનલ વમળોમાં પહેલેથી જ ઉલજેલા હોય છે. બાળકોમાં આ સમય ખૂબજ નાજુક હોય છે. તેમનામાં શારીરિક, માનસીક ચેન્જીસ ખૂબજ ઝડપથી થતાં હોય છે. તેવા સમયમાં જો પેરેન્ટ્સ બાળકની મૂંઝવણને સમજવાને બદલે તેમની પાસેથી  ડીમાન્ડ, રોક-ટોક, ડાઉટ કરશે તો બાળકોનો પ્રેમ તથા વિશ્વાસ ગુમાવી બેસે છે. પેરન્ટ્સે બાળકોને પ્રેમભર્યું, હુંફભર્યું વાતાવરણ પૂરૂં પાડવું જોઈએ. બાળકોનાં પ્રોબલેમ સોલ્વર બનો, તેમની સાથે તાલ મેલ બનાવવા પેરન્ટ્સે અવનવા રસ્તા તથા આઈડીયા અપનાવી બાળકો સાથેની રીલેશન સુમધુર કરી શકે છે.

યાદ રાખો તમારૂ બાળક ગ્રોઈંગ એજ પર છે. તેને જરૂર છે તો એક મિત્ર, ગાઈડ, માર્ગદર્શક, પારદર્શક, સાભળનારની એક સપોર્ટ સિસ્ટમની બાળકો સાથેનું પ્રેમભર્યું વર્તન તથા સ્પેસ માતા પિતા તથા બાળકોનાં રિલેશનને વધું મજબૂત બનાવશે.



# જ્ઞાન સનાતન છે એટલે વેદ સનાતન છે

## વેદો કર્મકાંડ સૂચવે છે, જ્યારે ઉપનિષદ નિ:સ્વાર્થ સેવાનો માર્ગ સૂચવે છે



**પ્રો. રામજી સાવલિયા**
પૂર્વ નિયામક ભો.જે.
વિદ્યાભવન, અમદાવાદ

હિંદુ ધર્મના મુખ્ય ગ્રંથો શ્રુતિ અને સ્મૃતિ છે. શ્રુત એટલે સાંભળેલુ. પ્રાચીન ઋષિ મુનિઓએ પરમાત્મા પાસેથી અંતરાત્મામાં સાક્ષાત સાંભળેલું અગર અનુભવેલુ જ્ઞાન. આ પ્રાચીન ઋષિઓને 'મંત્રદ્દષ્ટા' તરીકે પણ ઓળખવામાં આવે છે. સ્મૃતિ એટલે પાછળના ઋષિએ સ્મરણમાં રહ્યું તે આધારે લખેલ ગ્રંથો.

### શ્રુતિગ્રંથો

શ્રુતિમાં વેદો બ્રાહ્મણગ્રંથો આરણ્યકો તથા ઉપનિષદો છે. વેદો ચાર છે. વેદ એટલે જાણવું. વેદો જ્ઞાન ધર્મ બતાવે છે. તેમાં કર્મકાંડ, ધર્મ, નીતિ, આચાર-વિચાર વગેરેનું નિરૂપણ કરેલ છે. આધ્યાત્મિક જ્ઞાન ભંડાર છે. વેદો પરમતત્ત્વની પ્રાપ્તિ અર્થે તપ, પ્રાર્થના, પવિત્ર ખાનપાન, પવિત્ર વિચારો, અત:કરણની શુદ્ધિ અને નિર્મળ જીવન જરૂરી ગણી લોભ, ક્રોધ, ક્રૂરતા આદિને નિન્દનીય ગણી ચોર, દ્વેષી, દુષ્ટ લોકો તરફ ધૃણા વ્યક્ત કરે છે. ઉપનિષદ એટલે અજ્ઞાનનો નાશ કરી પરમાત્મા પ્રતિ પહોંચાડનારી વિદ્યા. આ વિદ્યા અધિકારીને અપાય છે. જેમાં નિષ્કામ ધર્મ બતાવેલ છે. વેદોક્ત કર્મ કરવા પણ જેમાં નિ:સ્પૃહી અને નિષ્કામ રીતે કરવા જણાવેલ છે. વેદો એટલે ઈશ્વરે પ્રાચીન ઋષિઓના હૃદયમાં સ્ફૂરાયેલા સનાતન સત્યો. જ્ઞાન સનાતન છે એટલે વેદ સનાતન છે. તે નીચે મુજબ છે

**૧.ઋગ્વેદ:** આ વેદમાં એક હજારને સત્તર (૧૦૧૭) સૂક્તો છે. તેમાં વર્ણવ્યવસ્થા તથા પ્રકૃતિપૂજા છે. આ વેદ સૌથી પ્રાચીન મનાય છે. આ વેદ જ્ઞાન પ્રાધાન્ય છે.

**૨. યજુર્વેદ:** આ વેદ યજ્ઞ પ્રાધાન્ય છે અને તેમાં યજ્ઞ અંગેની માહિતી છે. આ વેદ કર્મ પ્રાધાન્ય છે.

**૩.સામવેદ:** આ વેદમાં ૧૮૧૦ મંત્રો છે. ગીતામાં જણાવેલ 'વેદોનામ સામવેદોસ્મી' (ગીતા ૧૦-૨૨) આ વેદ છે. આ વેદમાં સંગીતના ગાનના મંત્રો છે. દેવદેવીઓની સ્તુતિના મંત્રો છે. વેદોમાં આને 'પુષ્પ' સમાન ગણેલ છે. આ વેદ ઉપાસના પ્રાધાન્ય છે.

**૪. અર્થવવેદ:** આ વેદમાં શત્રુનો નાશ કરવા, મિત્રની ઉન્નતિ કરવા, રોગનો નાશ કરવાના મંત્રો. જાદુમંત્રો તેમજ વશીકરણના મંત્રો છે. ભૂતપ્રેત નિવારણ મંત્રો પણ છે. આમાં જીવન ઉપયોગી સર્વ પ્રકારની વિદ્યાઓનો ભંડાર છે. ચાર પુરૂષાર્થ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પ્રાપ્તિનો માર્ગ બતાવેલ છે. જીવન સંગ્રામમાં સફળતા પ્રાપ્ત કરવાનો, શત્રુના આક્રમણથી રક્ષાનો મંત્ર, તંત્ર (તંત્રશાસ્ત્ર જે શાસ્ત્રમાં ઉપાસના કરવા યોગ્ય જુદા જુદા દેવોની વિધિસહિત, મારણ, મોહન, ઉચ્ચાટન, વશીકરણ, સ્તંભન અને મુચ્છનના પ્રયોગો બતાવેલ હોય તેને તંત્રશાસ્ત્ર કહે છે.) આયુર્વેદ, જ્યોતિષ, કામશાસ્ત્ર આદિ અનેક વિદ્યાઓ આપી છે.

આ ચાર વેદોના ચાર ઉપવેદો છે. આયુર્વેદ, ગાંધર્વવેદ અને શિલ્પકળો વેદો એ શ્રીમુખવાણી ગણાય છે. કોઇ ઋષિમુનિઓએ લખેલા નથી. બ્રહ્માજીના મુખેથી નીકળેલા ગણાય છે. વેદોના ત્રણ ભાગો છે. ૧-મંત્ર, ૨-બ્રાહ્મણ અને ૩-ઉપનિષદ. મંત્રના સંગ્રહને ';સંહિતા' કહે છે. બ્રાહ્મણ ગ્રંથોમાં યજ્ઞયાગ તથા આચરણના નિયમો ધાર્મિક કર્તવ્યો તથા કર્મકાંડની જીણવટભરી વિગતો સમજાવેલ છે. ઉપનિષદો (આરણ્યકો) એ બ્રાહ્મણોના આખરી ભાગો છે. ઉપનિષદો એક અર્થમાં વૈદિક ઉપાસનના અનુસંધાન રૂપ છે. પણ બીજા અર્થમાં બ્રાહ્મણોના ક્રિયાકાંડવાળા ધર્મો સામે બળવા રૂપ છે. બ્રાહ્મણગ્રંથો વેદનું રહસ્ય સમજાવવામાં ઉપયોગી છે. તેમાં યજ્ઞની સાંગોપાંગ ચર્ચા કરેલ છે. આ ગ્રંથો સંહિતા ઉપર ટીકા જેવા છે. આને લીધે બ્રાહ્મણનું મહત્વ વધેલ છે. જ્યારે આરણ્યક યાને ઉપનિષદોમાં અરણ્યક એટલે ધર્મ પરાયણ જીવન ગાળનાર ઋષિમુનિઓના શાસ્ત્રો. જેનો અભ્યાસ માનવીએ શાંત અરણ્યોની મધ્યમાં કરવાનો જણાવેલ છે. ઉપનિષદોના મત પ્રમાણે મોક્ષ પામવો એટલે ઈશ્વર સમાન બની જવું અથવા અંતિમ તત્ત્વમાં લય પામી જવું, સંહિતા નિસર્ગ પૂજાનો ધર્મ છે. બ્રાહ્મણોમાં કર્મકાંડનો ધર્મ છે. વેદના મંત્રોમાં દેવદેવીઓના મનુષ્યના મનમાં ચાલતી ક્રિયાઓના મૂર્ત પ્રતીકો છે. સૂર્ય તે બુદ્ધિ, અગ્નિતે સંકલ્પ અને સોમ તે લાગણી છે.

**આ વેદોના છ અંગો છે. : ૧. છંદ (ચરણ) ૨. કલ્પ (હાથ) ૩. જ્યોતિષ (ચક્ષુ) ૪. નિરૂક્તિ (કર્ણ) ૫. શિક્ષા (નાસિકા) ૬. વ્યાકરણ (મૂશ) આ વેદના છ ઉપાંગો નીચે મુજબ છે.**

૧. ન્યાય – આચાર્ય ગૌતમઋષિ. આમાં સોળ પદાર્થનું વર્ણન છે.

૨. વૈશેષિક – આચાર્ય કણાદઋષિ. આમાં સાત પદાર્થનું વર્ણન છે.

૩. પૂર્વમીમાંસા – આચાર્ય જૈમિની આમાં કર્મકાંડ છે.

૪. ઉત્તરમીમાંસા – આચાર્ય બાદરાયણ (વેદવ્યાસ) આમાં જીવબ્રહ્મનું વર્ણન છે.

૫. યોગ – આચાર્ય પતંજલિ. આમાં યોગનિયમ પ્રાણાયામની સમજ છે.

૬. સાંખ્ય – આચાર્ય કપિલદેવ. આમાં પ્રકૃતિ પુરષનું વર્ણન છે.

**યજ્ઞનું મહત્વ:** યજ્ઞ એટલે કર્તવ્ય. કોઈપણ મનુષ્યનું જીવન કર્તવ્યપાલન વગર સાર્થક થતું નથી એમ માની સ્મૃતિકારોએ દરેક મનુષ્ય માટે પાંચ કર્તવ્યો આવશ્યક ગણાવ્યાં છે. ૧. દેવયજ્ઞ ૨. ભૂતયજ્ઞ ૩. પિતૃયજ્ઞ ૪. બ્રહ્મયજ્ઞ ૫. મનુષ્યયજ્ઞ.

૧. દેવયજ્ઞ: દેવયજ્ઞમાં દરેક દેવો પ્રત્યે શ્રદ્ધા અને ભક્તિભાવ રાખી દેવોની યજ્ઞ દ્વારા પૂજન, અર્ચના, વંદના પ્રાર્થના કરવા જણાવેલ છે.

૨. ભૂતયજ્ઞ- આ યજ્ઞમાં અન્ય પ્રાણી સૃષ્ટિ પ્રત્યે દયા રાખી તેમનું ભરણ પોષણ કરવા જણાવેલ છે. આમાં જીવદયા અને અહિંસા ઉપર ભાર મૂકેલ છે.

૩. પિતૃયજ્ઞ: આ યજ્ઞમાં પૂર્વજોનું શ્રાદ્ધ વગેરે દ્વારા તર્પણ કરવા જણાવેલ છે અને પિતૃઓએ આપેલ સંસ્કાર અને ગુણો વિકસાવી કર્તવ્યપાલનમાં તત્પર રહેલા જણાવેલ છે.

૪. બ્રહ્મયજ્ઞ: આ યજ્ઞમાં જીવન વ્યવહારનો વિવેક કેળવવા માટે વિદ્યાભ્યાસ દ્વારા બુદ્ધિ પ્રદિપ્ત કરવા જ્ઞાન માર્ગનું મહત્વ સ્વીકારવામાં આવેલ છે.

૫. મનુષ્યયજ્ઞ: આ યજ્ઞમાં આંગણે આવેલા અતિથિને માન આપવું, ભરણપોષણ કરવું, સેવાસુશ્રુષા કરવી એમ જણાવેલ છે. ખાસ કરીને સાધુ સંન્યાસી માટે માનવ સેવા .'અતિથિદેવો ભવ:'ની ભાવના આ યજ્ઞમાં રજૂ કરેલ છે. આ યજ્ઞોને મકહાન યજ્ઞો કહેલા છે અને આથી હિંદુધર્મમાં અગત્યનું સ્થાન મેળવેલ છે.

### વેદ-ઉપનિષદ:

વેદો કર્મકાંડ સૂચવે છે. જ્યારે ઉપનિષદ નિ:સ્વાર્થ સેવાનો માર્ગ સૂચવે છે. આત્મ જ્ઞાનનો બોધ, જ્ઞાનમાર્ગ ચીંધે છે. ઉપનિષદોમાં અદ્વૈતવાદ યાને ચૈતન્યવાદ છે. ઉપનિષદ બ્રહ્મને વિશ્વિનું આદિકારણ ગણે છે. અને આત્મા એ જ બ્રહ્મ માનવામાં આવે છે. જીવ બ્રહ્મ સાથેનું મૂળ ઐક્ય ભૂલી જાય છે. તેમાં જ તેનું જીવપણું રહેલ છે. અને તેથી તે બ્રહ્મથી ભિન્ન છુ તેમ માને છે પણ કારણસર વાસનાનો અભાવ હોય ત્યારે તેવું માનતો મટી જાય છે. અને પોતાનાં નોખા વ્યક્તિત્વનું ભાન રહેતું નથી. ત્યારે તે બ્રહ્મ બને છે. ઉરનિષદો સદાચારરૂપ ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય એ ચાર ઉપર ભાક મૂકે છે અને તે અંગેનું જ્ઞાન આપે છે.

ઉપનિષદો બ્રહ્મ, આત્મા, જીવ, સંસાર વગેરે શું છે?જીવ સંસારમાં કેમ આવ્યો વગેરે સમજાવે છે. ઉપનિષદોનું વેદોના અંતમાં આપેલા હોઇ તેને 'વેદાંત' પણ કહે છે. ઉપનિષદોનું જ્ઞાન પાત્ર ને જ અપાય છે. એટલે પ્રથમ તે જ્ઞાન મેળવનાર બ્રહ્મનું જ્ઞાન આપવા લાયક છે કે કેમ તેની ખાતરી થયા પછી જ તેનું જ્ઞાન અપાય છે. ઉપનિષદો એટલે જગતને શિ તાત્કાલિક દ્દષ્ટિએ ખુલાસો આપવા પ્રયત્ન. તેમાં અજોડ આત્મબળ છે અને સર્વ દેશકાળના માણસોના હૃદયમાં સોંસરા ઉતરી જાય તેવાં તત્ત્વો છે.

ઉપનિષદની કુલ ૧૦૮ની સંખ્યા ગણાય છે. પરંતુ હાલ પ્રાપ્ત ઉપનિષદો મુખ્યત્વે દશ છે. શ્રીમદ્ શંકરાચાર્યે તેનું ભાષ્ય કરેલ છે. જ્ઞાન, વૈરાગ્ય, યોગ અને ભક્તિ. ઉપનિષદોના ધર્મ ચિત્તને સદાચાર અને આત્માના ખરા ભાવથી ઈશ્વરની ઉપાસનાના તત્ત્વો ઉપર ભાર મૂકે છે. પરમાત્મા પ્રત્યે પૂજ્યભાવ અને પ્રેમની લાગણી ધરાવવી તે ઉપનિષદોનો ધર્મ છે. તેનુ નિદિધ્યાસ અને આત્મજ્ઞાનથી રંગાયેલી ભક્તિ જ છે. જગતનું એકત્વ અને અખંડત્વ એ તેનો મોટો સિદ્ધાંત છે.

જૂની રૂઢીઓ અને ઘરેડોને સાવ નાબૂદ કરી શકાય નહીં. એક તરફ માણસ જાતનો ધરમૂળનો સ્વભાવ અને બીજી બાજુ ભાવિક લોકો એકદમ સર્વોચ્ચ જ્ઞાન મેળવવા સમર્થ નહોતા. તેમની નૈતિક અને બૌદ્ધિક અવસ્થાઓમાં રહેલા દેખીતા ભેદ છે. તે બંને તરફ દુર્લભ કરીએ તો જ જૂની રૂઢિઓ અને પ્રથાઓને નાબૂજ કરી શકાય. ઉપનિષદોએ આવી બાંધછોડની વૃત્તિ ધારણ કરી. તેનું બીજું એક કારણ ભૌતિક વિજ્ઞાન કે તત્તવજ્ઞાન નહિ પણ સદાચરણ એ તેમનું ધ્યેય હતું. તેઓ આત્માને વાસનાઓના પાસમાંથી મુક્ત કરાવવા માંગતા હતાં. જેથી તે ઈશ્વર સાથે યોગ અથવા અનુસંધાન સાધી તેનો આનંદ અનુભવી શકે. બુદ્ધિની કેળવણીને તેમણે જીવનની વિશુદ્ધિ કરતાં ગૌણ માની હતી. ભૂતકાળને વિશે તેમને પૂજ્યભાવ પણ હતો.

**સ્મૃતિગ્રંથો:** સ્મૃતિગ્રંથો પણ હિંદુ ધર્મના મહાન ગ્રંથો છે. આ ગ્રંથોમાં અઢાર પુરાણો, રામાયણ. મહાભારત, ગીતા ઈત્યાદિ છે. અઢાર પુરાણો નીચે મુજબ છે.

૧.બ્રહ્મપુરાણ, ૨.પદ્મપુરાણ ૩.વિષ્ણુપુરાણ ૪. શિવપુરાણ ૫. લીંગપુરાણ ૬.ગરૂડપુરાણ ૭.નારદપુરાણ ૮.શ્રીમદ્ભાગવત્ ૯.અગ્નિપુરાણ ૧૦.સ્કંદપુરાણ ૧૧. ભવિષ્યપુરાણ ૧૨. બ્રહ્મવૈવર્તક ૧૩. માર્કંડેયપુરાણ ૧૪. વામનપુરાણ ૧૫.વરાહપુરાણ ૧૬. મત્સ્યપુરાણ ૧૭. કૂર્મપુરાણ ૧૮. બ્રહ્માંડપુરાણ.

પુરાણોમાં નીતિ અને ધર્મનું જ્ઞાન તથા જુદા જુદા અવતારોનાં લાલા ચરિત્રો છે. રામાયણમાં આદર્શ જીવનના પાઠો છે. મહાભારતમાં માનવધર્મનું નિરૂપણ છે. જ્યારે ગાતા એ શ્રેયસધર્મનો બોધ આપે છે. ગીતામાં જીવ, જગત અને ઈશ્વરનો વિચાર કરાયો છે. હજારો વર્ષ પહેલાં જે વિચાર કહેવાયા છે તે બદલાયા નથી. એની મહત્તા અને ઉપયોગિતા આજે પણ એટલી જ છે. ગીતામાં જે કંઇ વિચાર છે તે શાસ્ત્ર છે. ભૂત, ભવિષ્ય કે વર્તમાનમાં જેમા સિદ્ધાંતો બદલાય નહી તેનું નામ શાસ્ત્ર. વિજ્ઞાનનો અભિપ્રાય છે આજે એક વાત હોય તો આવતી કાલે બીજી. ગીતામાં ત્રણ વિદ્યા ચર્ચાઇ છે. ૧. રાજવિદ્યા ૨. બ્રહ્મવિદ્યા ૩. અધ્યાત્મવિદ્યા ગીતમાં ભગવાન કહે છે 'અરે તમે મારા દીકરા છો, ઈશ્વરના અંગ છો તો પછી લાચાર શા માટે થાવ છો. દિનહીન શા માટે બનો છો? ગીતાનો સંદેશ : આત્મા અમર છે. નિષ્કામ કર્મ કરવું, સ્વધર્મ પાલન, સ્થિતપ્રજ્ઞ (મનમાં ઉઠતી કામનાઓનો ત્યાગ, તૃષ્ણાઓને દાબી દેવી અને આત્મા વિશે સ્થિર થવું) એકેશ્વરવાદ અને અવતારવાદ સર્વ ક્ષેત્રોમાં ક્ષેત્રજ્ઞ હું છું. આખા જગતનું પ્રભવા અને પ્રલય સ્થાન હું છું. મારાથી પર બીજું કાંઇ નથી એ ઉપદેશ છે. ગીતાનો મોક્ષધર્મ સર્વ માટે આવકારદાયી છે. તેમાં સામાજિક, ધાર્મિક, નૈતિક ચારિત્ર્યને સ્પર્શતું વ્યવહારિક જ્ઞાન છે. શ્રેયસધર્મનો બોધ આપેલ છે. સ્ત્રીઓ અને શુદ્રોને વેદાભ્યાસનો અધિકાર નહિ હોવાથી વેદવ્યાસજીએ વેદ અને ધર્મનું દોહન કરી મહાભારત રચ્યું છે. આને પાંચમો વેદ પણ કહે છે.



RNI No. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Divya Bhaskar, Regd Office: Bhasker House, Nr. YMCA Club, S. G. Highway, Changodar-Bavla Highway, Tq. Sanand, Dist. Ahmedabad.
All articles have been selected and scrutinized by Sub editor The Open PageThe Open Page: 23, Suryakunj Society, Nr. Nutan School, Prabhat Chowk, Ghatlodia Ahmedabad - 380061 | Ph. No. 079-27621385, 27621386, Mo.No. 9586022210